# પ્રકરણ-૭

# ઉપસંહાર

સમાજમાં જુદા જુદા સમયે સાહિત્યસ્વરૂપની વિભાવનામાં પરિવર્તન આવતું રહ્યું છે. આ પરિવર્તન માત્ર આવશ્યક જ નહિ પણ અનિવાર્ય છે. કલાકારની અનુભૂતિ અને કલાની અભિવ્યક્તિની તરેહો પણ આ વિભાવનાઓ બદલાતાં બદલાય છે. પરિણામે સાહિત્યમાં સર્વત્ર નૂતન આબોહવાનો સંચાર થાય છે.

કોઇપણ યુગના રાજકારણ, સમાજકારણ અને સંસ્કૃતિના પ્રવાહને તત્કાલીન સાહિત્યે બરાબર ઝીલ્યો હોય છે. કારણ કે સાહિત્યનો સમાજ સાથેનો, માનવજીવન અને સંસ્કૃતિ સાથેનો નાતો ગાઢ હોય છે. સાહિત્યના ગ્રંથોમાં એ ચહેરો ઝીલાય-જળવાય એ પહેલાં જે તે સમયના સામાયિકોમાં એ સાતત્યપૂર્વક રજૂ થાય છે. સર્જાતા સાહિત્યનું પ્રતિબિંબ સૌ પ્રથમ તો સામયિક જ ઝીલે છે. રમણ સોની તેમના લેખ 'સાહિત્ય સામયિકની ધરી : સંપાદક-લેખક-વાચક સંબંધ' માં જણાવે છે -

'રુચિની ખિલવણી માટે એ (સામયિક) પહેલો ઉષ્માસ્પર્શ પણ આપે ને પછી રુચિને એક દિશા પણ આપે, પછી સામ્પ્રતનો સઘન સ્પર્શ... સામયિકની આગવી મુદ્રા રચવામાં સંપાદકની કુશળ, કલ્પનાશીલ આંગળીઓ ફરતી હોય'[01]

કોઇપણ સમયના સામયિકો દ્વારા શું સિધ્ધ થાય છે ? એવા પશ્નના ઉત્તરમાં કહી શકાય કે આપણા સમયના કે કોઇપણ સમયના સાહિત્યના વર્તમાનનો ચહેરો જોવા - સમજવાની બારી આ સામયિકો આપણને ખોલી આપે છે. જો સામયિકના સંપાદક કે તંત્રી પાસે દીર્ઘ દ્રષ્ટિ હોય તો તે માત્ર પોતાના સમયને વાચા આપી અટકી જતો નથી. તેમાં તે એવું સાહિત્ય પણ પ્રગટ કરતો રહે છે, જેને કારણે આવનાર સમયને દિશાસૂચન પ્રાપ્ત થાય. નર્મદથી માંડી જયેશ ભોગાયતાની સંપાદન પ્રવૃત્તિ જોતાં આપણને ખ્યાલ આવે છે કે સંપાદકની દીર્ઘદ્રષ્ટિ કઇ રીતે સાંપ્રત સમયને ધ્યાનમાં રાખી આવનાર સમયને પણ દિશાસૂચન પ્રાપ્ત થાય તેવા લેખો કે કૃતિઓનો સમાવેશ પોતાના સામયિકમાં કરતી હોય છે.

આપણને પ્રશ્ન થાય કે સાહિત્યિક સામયિક શરૂ કરવા પાછળનું કારણ શું હોઇ શકે ? એવી તો કઇ ધખનાના પ્રેર્યા સંપાદક સાહિત્યિક સામયિક શરૂ કરવા ઇચ્છે છે ? કિશોર

વ્યાસ જણાવે છે તેમ -

'પરાપૂર્વથી ચાલ્યા આવતાં સામયિકોની વચ્ચે એ કશું વિશિષ્ટ તાકે છે ? કે પછી અન્યની તુલનાએ પણ એ પ્રકારની જ સામગ્રીમાં રાચે છે ? એવા કેટલાક પ્રશ્નો સામયિકના આરંભે થવાના.'[૦૨]

જેમકે ઇ.સ. ૧૯૨૪માં 'કુમાર' શરૂ થયું ત્યારે ગુજરાતની ઊગતી પ્રજા - કુમારોને જીવન દ્રષ્ટિ આપતી સામગ્રી નિર્દોષ સ્વરૂપમાં આપવાનો સંકલ્પ હતો. એ જ રીતે બીજા સામયિકો પણ સંકલ્પ સાથે આરંભ કરે છે.

દરેક યુગમાં સાહિત્યના સામયિકોનું વલણ જે તે સમાજ, સંસ્કૃતિના સંદર્ભે હતું એવું જોવા મળે છે. સુધારક યુગના 'ડાંડિયો', 'ગુજરાત શાળાપત્ર', 'રાસ્તે ગોફતાર' કે 'બુધ્ધિપ્રકાશ' સામયિકોના ધ્યેયમંત્રો કરતા પંડિતયુગના 'વીસમી સદી', 'ગુજરાતી', 'પ્રિયંવદા', કે 'સુદર્શન'ના ધ્યેયમંત્રો ભિન્ન હતા. ગાંધીયુગના 'નવજીવન', 'ચેતન', 'ગુજરાત', 'કૌમુદી', 'કુમાર', 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' કે 'સંસ્કૃતિ' સામયિકો એક જ યુગના હોવા છતાં ભિન્ન સંપાદકીય વલણો ધરાવતા જોવા મળે છે. આધુનિક યુગમાં સુરેશ જોષી નિજી સાહિત્ય વિભાવનાઓની ચર્ચા કરવા માટે સામયિકો પ્રગટ કરે છે. અને પુરોગામીઓથી તદ્દન ભિન્ન સ્વરૂપે સામયિકની માવજત કરે છે. 'મનીષા', 'ક્ષિતિજ', 'સમ્પુટ', 'ઊહાપોહ', 'એતદ્', 'સેતુ' અને વાર્ષિક 'સાયુજ્ય' તત્કાલીન ગુજરાતી સાહિત્યમાં નાની મોટી અનેક ચર્ચાઓનો ઊહાપોહ પ્રગટાવે છે. 'રે', 'ઊહાપોહ', ઉન્મૂલન જેવા સામયિકોની દ્રષ્ટિ તેનાથી અલગ છે. તો વળી, 'યા હોમ' કે 'સંદર્ભ' સામયિકો અલગ જ આબોહવા પ્રગટાવે છે.

અનુઆધુનિકયુગમાં 'પરબ', શબ્દસૃષ્ટિ', 'નવનીત સમર્પણ', 'કંકાવટી', 'એતદ્', 'કવિતા' જેવાં સામયિકોએ પણ નવી આબોહવાને તથા નવોદિતોને પોષવા–સંવર્ધવામાં મદદ કરી છે.

'ગદ્યપર્વ' જ્યારે ઇ.સ. ૧૯૮૮ માં શરૂ થાય છે. ત્યારે તેની પાસે સામયિકની આવી સમૃધ્ધ પરંપરા હતી. બાબુ સુથાર 'ગદ્યપર્વની વિદાય' લેખમાં જણાવે છે તેમ -

'ગદ્યપર્વ' સામયિકે એક બાજુ આધુનિકતાવાદના કેટલાંક ગૃહીતોનો સ્વીકાર કર્યો તો કેટલાંક ગૃહીતોનો અસ્વીકાર કર્યો. જો કે, ભરત નાયકે પોતે આ સ્વીકાર અને પ્રતિકાર વિષે ઝાઝું લખ્યું નથી. એમણે ક્યારેક 'ગદ્યપર્વ'માં તો ક્યારેક બીજે ક્યાંક આ સ્વીકાર-પ્રતિકારની વાત કરી છે ખરી પણ સૈદ્ધાન્તિક માંડણી કર્યા વિના. પણ, એનો અર્થ એવો નથી કરવાનો કે ભરત નાયક પાસે કોઈ ચોક્કસ એવી સૈદ્ધાન્તિક ભૂમિકા ન હતી. એમણે જે રીતે સંપાદન પ્રવૃત્તિ કરી છે એ પ્રવૃત્તિને જો આપણે એક સંકેતવ્યવસ્થા તરીકે જોઈશું તો આપણને ખ્યાલ આવશે કે એમની પાસે એક ચોક્કસ એવી સૈદ્ધાન્તિક ભૂમિકા હતી.'[૦૩]

આ સામયિકની બે-ત્રણ વર્ષ આગળ કે પાછળના ગાળામાં 'ખેવના', 'દશમો દાયકો', ઉદ્દેશ' પણ આરંભાયેલા હતા. છતાં પણ 'ગદ્યપર્વ' કઇ રીતે ભિન્ન ભાત પાડતું હતું તે તેના અંકોમાં જોવા મળે છે.

'ગદ્યપર્વ'ના સંપાદકો ભરત નાયક અને ગીતા નાયક તેમના પ્રથમ અંકના નિવેદનમાં કંઇક કરવાનો અભિલાષ સેવતા હોય તેવું લાગે છે. 'ગદ્યપર્વ' આરંભ થયું પછીના એકાદ-બે વર્ષના ગાળા દરમ્યાન 'ખેવના'માં સુમન શાહે તથા 'પરબ'માં ભોળાભાઇ પટેલે તેના કાર્યની નોંધ લીધેલી. સામયિક શરૂ કરવા પાછળના સંપાદકોના ભિન્ન અભિલાષોની જાણ ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ભાવકને રહેવાની. આવા જ એક નિષ્ઠાવાન સંપાદક જયેશ ભોગાયતા સામયિક શરૂ કરવા પાછળનો હેતુ જણાવતા 'તથાપિ'ના પ્રથમ અંકમાં જણાવે છે -

'સાંપ્રત સાહિત્યિક પરિસ્થિતિ વિશેની વિશદ અભિજ્ઞતાથી ક્રિયાપ્રવૃત્ત બનવું અનિવાર્ય હોય છે. પણ જ્યારે એ સક્રિયતા નવા નવા અવરોધો અને લાલચો સામે નબળી પડતા પડતા તૂટીને કકડભૂસ થઇ અંતે એ સંક્ષોભક પરિસ્થિતિઓમાં સામેલ થવાનું દુર્ભાગ્ય ભોગવે છે ત્યારે શૂન્યતા વ્યાપી જાય છે. સાંપ્રત પરિસ્થિતિને રાતોરાત બદલવી શક્ય નથી, પરંતુ જે કંઇ નકારાત્મક છે તેને બાજુએ મૂકીને સર્જનાત્મક અવકાશમાં કળાતત્વ અને જ્ઞાનતત્વનો આવિર્ભાવ કરવાની મનીષા છે.'[૦૪]

આ જ રીતે ‘ગદ્યપર્વ’ના પ્રથમ અંકમાં ‘સંપાદકીય’માં ‘શબ્દદેવતાને નમન’ કરતા સંપાદકો ‘સર્જકતાનું સંવનન કરતી સમ્યક દ્રષ્ટિ’ માંગે છે, અને ‘શબ્દોમાંથી રચાતી આવતી સંસ્કૃતિ અને આ વ્યવહારજગત એ બે વચ્ચેના વિસંવાદ’ને ઓગાળવા માટેના સાહસની માંગણી કરે છે. ‘નિવેદન’માં જણાવ્યા પ્રમાણે ‘સાહિત્ય સર્જનના નૂતન આવિષ્કારોને પ્રમાણતું, રસકીય ગુણવત્તાને વરેલું’ ‘ગદ્યપર્વ’ સર્જકોને આહ્‌વાન આપતાં લખે છે -

‘આ દ્વિમાસિક ગુજરાતી ટૂંકી વાર્તા, લઘુનવલના અંશો, લલિત નિબંધો, સર્જનાત્મક ગદ્યખંડો ઉપરાંત સંસ્કૃત-પ્રાકૃત-જૂની ગુજરાતીમાંથી ચરિત્ર-કૂળ-દ્રષ્ટાંત-બોધ-દંત-લોક-શૌર્ય આદિ કથાઓ, દેશ-વિદેશની અનુદિત ટૂંકી વાર્તા અને ગદ્યખંડને આવકારે છે.’

ભરત નાયકના તંત્રીપદે આરંભ થયેલા ‘ગદ્યપર્વ’ના સંપાદક વીરચંદ ધરમશી અને સહસંપાદકો ગીતા નાયક, વિજય પંડ્યા, અને બાબુ સથાર છે. પરામર્શક તરીકે ડૉ. હરિવલ્લભ ભાયાણી, ગુલામ મોહમ્મદ શેખ, ડૉ. ગણેશ દેવી અને પ્રબોધ પરીખ છે. આ યાદી આપવાની જરૂર એટલા માટે છે કે પ્રથમ અંક પછીના અંકોમાં જે ફેરફાર થયા, ‘ગદ્યપર્વ’ની નીતિ બદલાઇ તો તે કયા પરિબળોને આધારે હતી તે સમજવામાં સરળતા રહે. સામયિકની નીતિને નક્કી કરનારા પરિબળોનો અભ્યાસ જયેશ ભોગાયતા ‘નવ્યઇતિહાસવાદ’માં જણાવે છે તે રીતે પણ થઇ શકે. તેઓ આ લેખમાં કહે છે કે -

‘નવ્યઇતિહાસવાદીને શું હતું, કેવું હતું, સરખું હતું કે જુદું હતું તે જાણવામાં રસ નથી. પણ જે બન્યું તેને ઘડનારાં પરિબળોનું સ્વરૂપ કેવું હતું તેમાં રસ છે. પરસ્પર વિરોધી વિચારધારાઓએ ઘટના કે કૃતિને કેવી રીતે ઘડી તેમાં રસ છે. નવ્યઇતિહાસવાદીને તથ્યોના પ્રતિનિધાનમાં રસ નથી પણ તેનાં વિવિધ અર્થઘટનોમાં રસ છે.’[૦૫]

વળી, સિતાંશુ યશશ્ચંદ્ર પણ તેમના લેખ ‘પરાત્પર પરબ્રહ્મ સહી, પણ આ મન, વાણી જે અગમ્ય’ લેખમાં કૃતિ, સર્જક, સમાજના તાણાવાળા જે રીતે સંકળાયેલા છે તેની ચર્ચા કરતાં દેરિદાનો ઉલ્લેખ કરે છે કે -

'દેરિદાએ આપેલા અવતરણમાં મોન્તેઇને યોગ્ય જ કહ્યું છે કે 'We need to interprete interpretations more than to interprete things.'[૦૬]

'ગદ્યપર્વ'ના અંકોમાંથી સળંગ પસાર થતા અમુક પ્રકારના પશ્નો આપણને થાય છે. તેવા પ્રશ્નોના ઉકેલ મેળવતા કરતા પ્રશ્નોને સમજવા માટે મદદરૂપ બની શકે તેવા સૂચન આ રીતે જયેશ ભોગાયતા અને સિતાંશુ યશશ્ચંદ્ર આપણને આપે છે.

'ગદ્યપર્વ'નો મોટો ભાગ ટૂંકી વાર્તાઓનો છે. 'ગદ્યપર્વ' નીકળ્યું એ જ વર્ષોમાં ભરત નાયક-ગીતા નાયકના આયોજનમાં 'સાહચર્ય'ની લેખન શિબિરો થવા માંડેલી. મણિલાલ હ.પટેલ જણાવે છે તેમ -

'છેક લોનાવાલાથી લઇને લુણાવાડા સુધી મિત્રો-સર્જકો-ચિત્રકારો, મનોજ શાહ જેવા નટ-દિગ્દર્શકો પણ મળતા હતા. 'સાહચર્ય' દ્વારા સાહિત્યિક આબોહવા રચવાનો મકસદ હતો તે સફળ થતો જતો હતો. આ શિબિરોમાં ચર્ચાનો લાભ પામેલી વાર્તાઓ, 'ગદ્યપર્વ'માં પ્રકાશિત થતી. અનુઆધુનિક વલણો ૧૯૮૦-૮૫ના ગાળામાં સવિશેષે તો કથા-વાર્તામાં તારસ્વરે પ્રગટે એટલે ગદ્યસાહિત્યમાં નવી સંવેદના અને નવા અવાજો નૂતન રીતિઓ સાથે અભિવ્યકિત પામવા મથતા હોય ત્યારે ગદ્યકૃતિઓને વધુ જગ્યા માળે એ અનિવાર્ય હતું. આ બાબત ભરત નાયક અને તેમના મિત્રોએ જાણી અને 'ગદ્યપર્વ' પ્રારંભાયું. તેમાં કથનાત્મક સાહિત્યના નવલકથા, લઘુનવલ, નાટક જેવા સ્વરૂપો સમાવેશ પામ્યા તો વળી પ્રાચીન–મધ્યકાલીન–ગુજરાતી અર્વાચીન, આધુનિક, અનુઆધુનિક, તળતદી, દેશી, વનવાસી, શિષ્ટ, નાગરી જેવી ગુજરાતી ગદ્યની વિવિધ ભાતો છે.'[૦૭]

'ગદ્યપર્વ'ના તંત્રીથી માંડીને તેમનાં પ્રકાશન સ્થળ બદલાતાં રહ્યાં છે. તેમના પ્રકાશન સ્થળના ત્રણ તબક્કા છે. શરૂઆતમાં મુંબઇથી પ્રકાશિત થતું 'ગદ્યપર્વ' બીજા તબકકે કાનજી પટેલના સંપાદન હેઠળ લુણાવાડાથી પ્રકાશિત થાય છે. 'ગદ્યપર્વ' છઠ્ઠા વર્ષથી કાનજી પટેલના તંત્રીપદે લુણાવાડાથી પ્રગટ થાય છે. પાંચ વર્ષ સુધી કાનજી પટેલ સંભાળે છે. એ પછી પુનઃ મુંબઇ ખાતેથી અને ગીતા નાયકના તંત્રીપદેથી 'ગદ્યપર્વ' ૨૦૦૮માં બંધ પડ્યું ત્યાં સુધી નીકળતું રહે છે.

'ગદ્યપર્વ'ના મુખપૃષ્ઠોને કલાત્મક બનાવવામાં તૈયબ મહેતા, અતુલ ડોડિયા, ગુલામ મોહમ્મદ શેખ, અંજુ ડોડિયા, સુધીર પટવર્ધન, નીલિમા શેખ, સુધીર પટવર્ધન, સુરેન્દ્રન નાયર, અકબર પદમશી વગેરે ચિત્રકારોએ મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. તો વળી આ મુખપૃષ્ઠો પર ભરત નાયક, અશ્વિન મહેતાની છબિકળા પણ પ્રગટી છે. રતિલાલ કાંસોદરિયાના શિલ્પની છબી એક તરફ છે. તો બીજી તરફ રિયાઝ કોમૂના શિલ્પની છબી પણ છે. ઉપરાંત આદિવાસી ચિત્રકળાના સર્જકો માનસિંગ ધનજીભાઇ, વીરમનાથ મદારી, પ્રભાત ખાંટ, બુલુ ઇમામના ચિત્રો પણ અહીં છે.

બીજા વર્ષમાં 'ગદ્યપર્વ' જ્યારે પ્રવેશ્યું ત્યારે તેનો પ્રથમ અંક ગુલામ મોહમ્મદ શેખ દ્વારા તંત્રીએ બહાર પડાવ્યો અને સાથે સાથે અનેક ચિત્રકારોએ મુંબઇ ચિત્રોના પ્રદર્શન યોજીને 'ગદ્યપર્વ'ને આર્થિક મદદ કરી હતી.

'ગદ્યપર્વ' જ્યારે બીજા વર્ષમાં પ્રવેશ્યું ત્યારે સુમન શાહે તેને 'ખેવના' સામયિક દ્વારા શુભેચ્છાઓ પાઠવેલી, 'ગદ્યપર્વ'ના બાહ્ય દેખાવના પણ સુમન શાહ, ભોળાભાઇ પટેલ, જયેશ ભોગાયતા જેવા સર્જક-વિવેચકોએ વખાણ કર્યા છે. ડબલ ક્રાઉનમાં ઉત્તમ કાગળ, ઉત્તમ મુદ્રણ અને કલાત્મક મુખપૃષ્ઠો 'ગદ્યપર્વ' ની શોભા વધારે છે. સુમન શાહ તેમના લેખ 'ભરત નાયક વડે ચલાવાતું 'ગદ્યપર્વ' (૧૯૮૯)માં લખે છે -

'આવી નવી વસ્તુની સહસા નોંધ લેવાવી જોઇએ, ને ખાસ તો સમીક્ષા થવી જોઇએ. પ્રજાને પૈસે ચાલતાં સંસ્થાકીય સામયિકોએ આવા નવસંચરણો વિશે પોતાના સભાસદોને, વાચકોને કે ગ્રાહકોને માહિતગાર કરવા જોઇએ, બલ્કે એની તંદુરસ્ત સમીક્ષાની તક રચવી જોઇએ.'[૦૮]

આનો પડઘો પડતો હોય તેમ 'પરબ'ના તંત્રી ભોળાભાઇ પટેલ ઇ.સ. ૧૯૯૦ના ઓગષ્ટમાં 'ગદ્યપર્વ'એ બે વર્ષ પૂરા કર્યા તે સંદર્ભે તંત્રીલેખ લખ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે -

'લખાતા ગુજરાતી સર્જનાત્મક ગદ્યને આ દ્વિમાસિક દ્વારા એક વિશેષ ગતિ મળી છે.

ગદ્યનાં વિવિધ રૂપો પ્રયોગોને જાણે ઉચિત પ્લેટફોર્મ મળ્યું છે. યુવા અને નવીન ગદ્યકારોની વિવિધ ગદ્યછટાઓનો ઉન્મેષ જોઇ શકાય છે. તંત્રીકર્મની નિષ્ઠા પ્રમાણી શકાય છે.’[૦૯]

અનુઆધુનિકતાવાદી વલણો ‘ગદ્યપર્વ’ની મોટા ભાગની કૃતિઓ ધરાવે છે. મુખ્યત્વે આઠમા-નવમા દાયકાના પ્રારંભકાળે ‘એતદ્’, ‘ખેવના’ અને ‘ગદ્યપર્વ’ વધુ પ્રમાણમાં સર્જનાત્મક કૃતિઓના પ્રકાશન દ્વારા આબોહવા સર્જે છે. ઇ.સ.૧૯૮૮ના મે મહિનાના પ્રથમ અંકથી આરંભીને મે-૨૦૦૮ના વિદાય અંક સુધીના ૨૦ વર્ષના ગાળામાં ‘ગદ્યપર્વ’ના સળંગ ૭૫ અંક પ્રકાશિત થયા છે.

૧૭ જેટલાં વિશેષાંકો, પોણા ચારસો જેટલી વાર્તાઓ, નિબંધો અને ગદ્યની વિવિધ તરેહો પ્રગટાવતી સર્જનાત્મક કૃતિઓ આપણે જોઇ. વૈવિધ્યથી સભર આ સૃષ્ટિની તોલે કોઇ સામયિક આવી શકે નહિ તે જેટલું સાચું છે, તેટલું જ સાચું સંપાદકો દેશીવાદ અને તળપદ તરફનો ઝોક રાખે છે તે છે. સુભાષ શાહ, નિરંજન ભગત વગેરે સાહિત્યકારોને અશ્લીલ લાગ્યું એ નાટક ‘મોજીલા મણિલાલ’ પ્રકાશિત કરવાની ‘ગદ્યપર્વે’ હિંમત દાખવી હતી. તો વળી બાબુ સુથારની ‘કાંચડો અને દર્પણ’ તેમજ અજય સરવૈયાની ‘નાભિ’ નવલકથા ‘ગદ્યપર્વ’ સિવાય કયું સામયિક પ્રગટ કરત તે પ્રશ્ન થાય.

સામયિકના સંપાદકનો પાયાનો ગુણ તેની વિવેકશક્તિ - શું લેવું શું ન લેવું, શું સ્વીકારવું કે શું ન સ્વીકારવું, સામયિક માટે શું પ્રગટ કરવા યોગ્ય ગણવું અને શું ત્યાજ્ય ગણવું એનો વિવેક એ સંપાદકનો સૌથી વધુ આવશ્યક, અનિવાર્ય ગુણ ગણાય. વળી, સંપાદકે ગુજરાતી સાહિત્યને કૃતિઓથી અવગત કરાવવું જોઇએ. અહીં ‘ગદ્યપર્વ’માં ‘મરાઠી વાર્તા વિશેષાંક’, ‘કન્નડ વાર્તા વિશેષાંક’ અને ‘ભારતીય વાર્તા વિશેષાંક’ મળે છે. પણ ‘વિશ્વસાહિત્ય વિશેષાંક કેમ નથી મળતો તે પ્રશ્ન થાય. શું સંપાદકની દ્રષ્ટિ માત્ર ભારતીય અને પ્રાદેશિક ભાષાસાહિત્ય સુધી જ સીમિત છે ?

‘ગદ્યપર્વ’માં સર્જનાત્મક કૃતિઓને જે રીતે વિહરવા માટે છૂટ મળી હતી તેમાં ઘણી કૃતિઓ કૃતક અને અસાહિત્યિક લાગતી હતી. વળી આધુનિકતાના વિરોધે અનુઆધુનિકતા ન જ હોય. ભારતીય લેખકનું વસાહતી માનસ ચિન્ત્ય છે, પણ તેથી તેના સામે છેડે દોડી

જઇ નર્યા તળપદા બની રહેવું તેટલું જ ચિન્ત્ય છે. સુમન શાહ જણાવે છે તેમ -

'ગદ્ય પર ભાર મૂકતા સામયિકકારોએ યાદ રાખવું જોઈશે કે કશા સાહિત્યપ્રકારમાં વિનિયોજાયા વિનાનું અડબાઉ ગદ્ય ગમે તેટલું સર્જકતાસભર હોય, નકામું છે.'[૧૦]

'ગદ્યપર્વ'ના અંકોમાં તંત્રીની સંપાદકીય નોંધો જૂજ છે. પ્રથમ અંકમાં, મૌખિક પરંપરાની ગદ્યકથાઓમાં, નારી વિશેષાંકમાં, સુરેશ જોષી વિશેષાંકમાં, અંક-૭૨ના 'પ્રિય સહૃદય'માં, મરાઠી-કન્નડ-ભારતીય વાર્તા વિશેષાંકમાં અને અંતે છેલ્લા ૭૫મા અંકમાં સંપાદક સમયે સમયે પોતાના વિચાર–આયોજન પ્રસ્તુત કરે છે. 'ગદ્યપર્વ'ના અંતિમ અંકમાં તંત્રી લેખ છે -

'આ ગદ્યપર્વનો ઇતિહાસ મોટો છે. સિલસિલાબંધ અંકાયેલી એની વિગતો રોમાંચક છે. એના સાહસમાં કોઇ મણા રહી નથી... ગદ્યપર્વ એક પ્રતીક છે. પ્રમાણ છે.'

તેથી જ 'ગદ્યપર્વ'ની વસમી વિદાયક્ષણે લખતાં જયેશ ભોગાયતા નોંધે છે -

'ગુજરાતી અનુઆધુનિકતાવાદ અથવા તો ગુજરાતી સર્જન-વિવેચનમાં આવેલા અનુઆધુનિકતાવાદી વલણો અને ગૃહીતોના અભ્યાસ માટે આપણા સામયિકોમાં (૧૯૯૦ના વર્ષ પછીનાં) પ્રકાશિત કૃતિઓ તેમજ સર્જકોના સંગ્રહોનું સઘન વાચન કરવું જરૂરી છે. એ સંદર્ભે 'ગદ્યપર્વ' ઉત્તમ સંદર્ભસામગ્રી તરીકે મૂલ્યવાન છે...... 'ગદ્યપર્વ' વિદાય લે છે પણ વાચકો વિદાય આપી શકે નહિ કારણકે ગદ્યપર્વના અંકો પર ઉપસ્થિત ગુજરાતી સર્જનાત્મકતા કાયમ રહેશે, એ ગદ્ય અમર છે. એ સૌને માટે અક્ષરનો આનંદ બની રહેશે..... મારી લેખન-વાચન પ્રવૃત્તિમાં ચેતોવિસ્તાર કરનારી એક પ્રબલ ચૈતન્યશક્તિ તરીકે 'ગદ્યપર્વ'એ મારું સંવર્ધન કર્યું છે.'[૧૧]

આવાં અનેક ભાવકો અને સર્જકોની ચેતનાને સંકોરનારું 'ગદ્યપર્વ' સહૃદયોના ચિત્તમાં લાંબા સમય સુંધી રહેશે તેમાં કોઈ શંકા નથી. ઘણા વર્ષો પછી રઘુવીરચૌધરી[૧૨] અને વર્ષા અડાલજા જેવા સર્જકો પણ વર્તમાનપત્રોમાં 'ગદ્યપર્વ'ની વાર્તાઓ અને અન્ય કૃતિઓના સંગ્રહો વિશેની ચર્ચા કરતા લેખો લખતા જોવા મળે છે. 'ગદ્યપર્વ'ની

લાક્ષણિકતાઓને સમાવતું અને તેની મર્યાદાઓને નિવારતું, સહૃદયોને સંતર્પક રસાસ્વાદ કરાવી શકે તેવું, માત્ર ગદ્યનું કોઇ સામયિક આવશે ત્યાં સુધી ‘ગદ્યપર્વ’ સ્મરણીય રહેશે.

## સંદર્ભસૂચિ : પ્રકરણ - ૭


૧. સાહિત્યિક સામયિકો – સં.-હસિત મહેતા પૃ.-૨૨

૨. સામયિકોના પ્રથમાંકો-પ્રતિભાવો, કિશોર વ્યાસ, ‘શબ્દસૃષ્ટિ’, એપ્રિલ-૨૦૦૧, પૃ.-૪૯

૩. સન્ધિ, બાબુ સુથાર (ઑક્ટોબર-ડિસેમ્બર-૨૦૦૮), પૃ.-૯૪

૪. ‘તથાપિ’, અંક-૧ ‘તથાપિ’ના પ્રથમ અંકના પ્રકાશનની ક્ષણે...,

જયેશ ભોગાયતા, (સપ્ટેમ્બર-નવેમ્બર-૨૦૦૫)

૫. નવ્યઇતિહાસવાદ, ‘એતદ્’, જયેશ ભોગાયતા (ઑક્ટોબર-ડીસેમ્બર-૨૦૦૮), પૃ.-૩૩

૬. ‘એતદ્’, સિતાંશુ યશશ્ચંદ્ર (જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૦૦), પૃ.-૩૭

૭. સાહિત્યિક સામયિકો, સં.-હસિત મહેતા પૃ.-૧૨૦

૮. નિસબતપૂર્વક, સુમન શાહ, પૃ.-૨૭૧

૯. ‘પરબ’, ભોળાભાઈ પટેલ (ઑગષ્ટ-૧૯૯૦), પૃ.-૨

૧૦. નિસબતપૂર્વક, સુમન શાહ, પૃ.-૨૭૫

૧૧. ‘તથાપિ’, અંક-૧૨, જયેશ ભોગાયતા (જૂન-ઑગષ્ટ-૨૦૦૮), પૃ.-૧૧૪

૧૨. ઊફરાં ચાલનારાં ગીતા-ભરતનું સાહિત્યિક પ્રદાન, રઘુવીર ચૌધરી,

‘દિવ્યભાસ્કર’, ૨ જૂન, ૨૦૧૩